# Green,Blue,Yellow (GBY) Roof ઈન્સેન્ટીવ સ્કીમ સરક્યુલર

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની બજેટ૨૦૨૩-૨૪ બેઠકમાં થયેલ ચર્ચા તેમજ લેવાયેલ નિર્ણય મુજબ GBY Roof ઇન્સેન્ટીવ સ્કીમને પ્રોત્સાહિત કરવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તા.૦૧/૦૪/૨૦૨૩ થી તા.૩૧/૦૩/૨૦૨૪ દરમ્યાન ગ્રીન રૂફ, બ્લુ રૂફ, અને યલો રૂફ સ્કીમ માટે એક વર્ષ માટે અને એક જ વખત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેક્ષ ધારકોને નીચે મુજબ જણાવેલ GBY Roof ઇન્સેન્ટીવ સ્કીમનો લાભ મળી શકશે.(અ.મ્યુ.કોની GBY Roof ઈન્સેન્ટીવ સ્કીમની શરતો પૂર્ણ થાય તો જ)

<u>સ્વતંત્ર બંગલો ધરાવતાં રહેણાંક એકમોને મ્યુ. પ્રોપર્ટી ટેક્ષમાં ૧૦% રાહત આપવાની રહેશે.જે અંગે નીચે મુજબની બધીજ શરતો અને પુરાવાઓના આધારે લાભ આપવાનો રહેશે. સદર સ્કીમ નો લાભ લેવા સીટી સિવીક સેન્ટર ખાતે અરજી કરવાની રહેશે.</u>

## Green,Blue,Yellow (GBY) Roof ઈન્સેન્ટીવ સ્કીમ અંગેની જરૂરી શરતો

**A. Green Roof**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગ્રીનરી વધે તે હેતુ અંતર્ગત સદર ગ્રીન રૂફ પોલિસી હેઠળ સ્વતંત્ર રહેણાંક ધારકો દ્વારા તેમના ધાબા (રૂફ) ઉપર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નક્કી કરેલ માપદંડ મુજબ ૧૦૦ સ્કે. મીટર એરીયામાં ૧૦% વિસ્તાર ગ્રીન રૂફ હોવો જોઇએ. જેમાં ૪ ઇંચથી વધારે ઘેરાવાવાળા અને ૮ થી ૧૦ ફૂટ હાઇટનાં ઓછા માં ઓછા પાંચ વૃક્ષો હોવા જોઇએ તેમજ ૧૦% વિસ્તારમાં વૃક્ષારોપણ ઉપરાંત ગ્રીનરી જાળવવા માટે ફુલ-છોડ કે લોનથી ગ્રીનરી કરેલ હોવી જોઇએ.

**B. Blue Roof**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જમીનના વોટર ટેબલ ઉંચા આવે તે હેતુ અંતર્ગત બ્લ્યુ રૂફ પોલિસી હેઠળ સ્વતંત્ર રહેણાંક ધારકો દ્વારા તેમના ધાબા (રૂફ) ઉપર એકત્રિત થતા વરસાદી પાણીને તેમના પ્લોટમાં પર્કોલેશન વેલ બનાવીને જમીનમાં ઉતારવા માટેની કાયમી વ્યવસ્થા કરેલી હોવી જોઇએ.

**C. Yellow Roof**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રીન્યુએબલ એનર્જી ને પ્રોત્સાહિત કરવા ના હેતુ અંતર્ગત યલો રૂફ પોલિસી હેઠળ સ્વતંત્ર રહેણાંક ધારકો દ્વારા તેમના ધાબા (રૂફ) ઉપર ઓછા માં ઓછા ૧ કિ.વો. ની સોલાર સિસ્ટમ લગાવીને કાર્યરત કરેલ હોવી જોઇએ.

## Green,Blue,Yellow (GBY) Roof ઈન્સેન્ટીવ સ્કીમ અંગેની જરૂરી પુરાવાઓ

- છેલ્લા ટેક્ષ બિલની તેમજ ટેક્ષ ભર્યાની રસીદની નકલ
- ટેરેસ ગાર્ડનના ફોટોગ્રાફસ
- રેન વોટર હારવેસ્ટીગં સિસ્ટમ ના પરકોલેટીગં વેલ દર્શાવતા ફોટોગ્રાફસ
- સોલાર સિસ્ટમ ઇન્સ્ટોલેશન પહેલા તથા ઇન્સ્ટોલેશન પછીના લાઇટ બીલની નકલ તેમજ સોલાર સિસ્ટમ ખરીદી અંગેનું ટેક્ષ ઈન્વોઈઝ તથા સોલાર સિસ્ટમના ફોટોગ્રાફસ

## Green,Blue,Yellow(GBY)Roof ઈન્સેન્ટીવ સ્કીમ અંગેની જરૂરી સુચનાઓ

- સદર Green,Blue,Yellow(GBY)Roof ઈન્સેન્ટીવ સ્કીમ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્વતંત્ર રહેણાંક ધારકોના પ્રોપર્ટી ટેક્ષના જનરલ ટેક્ષ, વોટર ટેક્ષ, કોન્ઝરવન્સી ટેક્ષ તથા શિક્ષણ ઉપકર ઉપર લાગુ પડશે. તેમજ રહેઠાણના પ્રોપર્ટી ટેક્ષના એક જ ટેક્ષના ટેનામેન્ટ નંબરની સામે વર્ષ દરમ્યાન એક જ વખત આ લાભ મેળવી શકાશે.
- સદર ઇન્સેન્ટીવ સ્કીમનો લાભ ટેક્ષ વિભાગને ડેલીંગેટ કરેલ પાવર્સ મુજબ આપવામાં આવશે. સદર ઇન્સેન્ટીવ સ્કીમનો લાભ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્વતંત્ર રહેણાંક ધારકો કે જેમણે પ્રોપર્ટી ટેક્ષ ભરી દીધેલ હોય તેમને પણ મળવા પાત્ર રહેશે.
- સદર ઈન્સેન્ટીવ સ્કીમને GDCRની જોગવાઈઓ ઉપરાંતની ગણવાની રહેશે.
- તા.૦૧/૦૪/૨૦૨૩ થી તા.૩૧/૦૩/૨૦૨૪ સુધીમાં GBY Roof ઈન્સેન્ટીવ સ્કીમનો લાભ આપવા અંગે કોઇ ટેક્નીકલ પ્રશ્ન થાય તો તે અંગે સંલગ્ન ખાતાનો અભિપ્રાય મેળવ્યા બાદ આગળની કાર્યવાહી કરવાની રહશે.
- સદર ઈન્સેન્ટીવ સ્કીમનું અમલીકરણ (૧) ગાર્ડન વિભાગની કાર્યવાહી આસી.ડાયરેકટર દ્વારા, (૨) વોટર રિસોર્સ મેનેજમેંટ વિભાગની કાર્યવાહી જે તે સંલગ્નવોર્ડનાઆ.સી.ઈ.(ઈજનેર) દ્વારા, (3) સોલાર સીસ્ટમ અંગેની કાર્યવાહી એનર્જી એફિસીયન્સી સેલ દ્વારા તેમજ (૪) ટેક્ષ વિભાગ ને લગતી કામગીરી સંલગ્ન ડે.એસેસર અને ટેક્ષ કલેક્ટર દ્વારા કરવાની રહેશે.

સહી:-

મ્યુનિસિપલ કમિશ્નર